# નવસારી કૃષિ યુનિવર્સિટી
# નવસારી–૩૯૬૪૫૦

## વિસ્તરણ શિક્ષણ પરિષદની નવમી બેઠકની કાર્યનોંધ

**તા.૨૯/૦૯/૨૦૧૭ના રોજ સવારે ૧૦.૦૦ કલાકે ડૉ.સી.જે.ડાંગરીયા, માન.કુલપતિશ્રીના અધ્યક્ષસ્થાને અસ્પી એગ્રી બિઝનેશ મેનેજમેન્ટ ઈન્સ્ટીટયુટ, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી ખાતે મળેલ વિસ્તરણ શિક્ષણ પરિષદની નવમી બેઠકની કાર્યવાહીની કાર્યનોંધ.**

સદરહુ બેઠકમાં નીચે જણાવ્યા મુજબના સભ્યશ્રીઓ હાજર રહ્યા હતા.

| | |
|---|---|
| ૧. | ડૉ. જી.આર.પટેલ, વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી |
| ૨. | ડૉ. એસ.આર. ચૌધરી, સંશોધન નિયામક અને અનુસ્નાતક વિદ્યાશાખાધ્યક્ષશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી |
| ૩. | ડૉ. ઝેડ.પી. પટેલ, ડીનશ્રી, કૃષિ મહાવિદ્યાલય, નવસારી કૃષિ યુનિવર્સિટી, વઘઈ, જિ.ડાંગ |
| ૪. | ડૉ. બી.એન. પટેલ, ડીનશ્રી, અસ્પી બાગાયત–વ–વનીય મહાવિદ્યાલય, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી |
| ૫. | ડૉ. એન.એચ. કેલાવાલા, ડીનશ્રી, વનબંધુ પશુ ચિકિત્સા અને પશુપાલન મહાવિદ્યાલય, નકૃયુ, નવસારી |
| ૬. | ડૉ. એચ.આર. પંડયા, ડીનશ્રી, અસ્પી એગ્રી બિઝનેસ મેનેજમેન્ટ ઈન્સ્ટીટયુટ, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી |
| ૭. | ઈજ. પી.આર. પાંડે, ડીનશ્રી, કૃષિ ઈજનેરી અને ટેકનોલોજી મહાવિદ્યાલય, નકૃયુ, દેડીયાપાડા, જિ.નર્મદા |
| ૮. | ડો. આર.એમ.પટેલ, ડીનશ્રી, અસ્પી શકીલમ એગ્રી. બાયોટેકનોલોજી ઈન્સ્ટીટયુટ, નકૃયુ, અઠવા લાઈન્સ, સુરત |
| ૯. | ડૉ. આર.ડી.પંડયા, પ્રાધ્યાપક અને વડાશ્રી, વિસ્તરણ શિક્ષણ વિભાગ, ન.મ.કૃષિ મહાવિદ્યાલય, નકૃયુ, નવસારી |
| ૧૦. | ડૉ. ઓ.ડી.વનપરીયા, સહ પ્રાધ્યાપકશ્રી વિસ્તરણ), અસ્પી બાગાયત–વ–વનીય મહાવિદ્યાલય, નકૃયુ, નવસારી |
| ૧૧. | ડૉ. એમ.આર. ભટ્ટ, આચાર્યશ્રી, કૃષિ પોલીટેકનીક,નવસારી કૃષિ યુનિવર્સિટી, મકતમપુર, ભરૂચ |
| ૧૨. | ડૉ. સી.કે. ટીંબડીયા, વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડાશ્રી, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી |
| ૧૩. | પ્રો. એમ.ડી. લાડ, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિકશ્રી, ઘઉં સંશોધન કેન્દ્ર, નકૃયુ, બારડોલી–૩૯૪૬૦૨, જિ.સુરત |
| ૧૪. | શ્રી નરેન્દ્ર રેવર, પ્રોગ્રામ કોર્ડીનેટરશ્રી, જીવન તીર્થ, ગાંધીચોક, તા. વાલીયા, જિ. ભરૂચ |
| ૧૫. | શ્રી રામકુમારસિંહ, સંચાલક અને મેનેજીંગ ટ્રસ્ટીશ્રી, સુરૂચી શિક્ષણ વસાહત ટ્રસ્ટ, બારડોલી, જિ. સુરત |
| ૧૬. | એડીશનલ ચીફ પ્રોગ્રામ એકઝીકયુટીવશ્રી, બાયફ, લાછકડી, તા. વાંસદાના પ્રતિનિધી શ્રી કલ્પેશ ભોયે, પ્રોગ્રામ ઓફિસર |
| ૧૭. | બાગાયત નિયામકશ્રીના પ્રતિનિધી, ડો. એ.એમ. વોરા, મદદ. બાગાયત નિયામકશ્રી, બાગાયત નર્સરી, નકૃયુ કેમ્પસ |
| ૧૮. | પશુપાલન નિયામકશ્રીના પ્રતિનિધી, ડો. એ.એ. ઉસ્માની, મદદનીશ પશુપાલન નિયામકશ્રી, સુરત |
| ૧૯. | શ્રી મનોજભાઈ નારણભાઈ પટેલ, મુ. શેખપુર, પોષ્ટ–સાયણ, તા. કામરેજ, જિ. સુરત પીન–૩૯૪૧૩૦ |
| ૨૦. | શ્રીમતી લીલાબેન શીંગાભાઈ ગામીત, મુ. બેડી, જુનું પટેલ ફળિયું, પોસ્ટ–વાઝરડા, તા. સોનગઢ, જી. તાપી |
| ૨૧. | ડૉ. એસ.ડી. કવાડ, સહ પ્રાધ્યાપકશ્રી(વિસ્તરણ), વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની કચેરી, નકૃયુ, નવસારી |

**નીચે જણાવ્યા મુજબના સભ્યશ્રી બેઠકમાં હાજર રહી શકેલ ન હતા અને તેઓની ગેરહાજરી માટેની રજાને માન્ય કરવામાં આવી.**

| | |
|---|---|
| ૧. | ખેતી નિયામકશ્રી, ખેતી નિયામકશ્રીની કચેરી, ગુજરાત રાજય, કૃષિભવન, સેકટર–૧૦ એ, ગાંધીનગર |

બેઠકની શરૂઆતમાં ડાૅ.જી.આર.પટેલ, વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીએ ઉપસ્થિત તમામ સભ્યશ્રીઓને શાબ્દિક અને પુષ્પગુચ્છથી આવકારીને પરિષદની રચના, કાર્યો અને વિસ્તરણ પ્રવૃત્તિઓની અગત્યતા વિષે ટૂંકમાં જાણકારી આપી, ત્યારબાદ માન.કુલપતિશ્રીની અધ્યક્ષતામાં નિયત કાર્યસૂચિ મુજબ બેઠકની કાર્યવાહી શરૂ કરવામાં આવી.

**મુદ્દા નં. ૯.૧ : નવસારી કૃષિ યુનિવર્સિટીની વિસ્તરણ શિક્ષણ પરિષદની આઠમી બેઠકની કાર્યનોંધ મંજૂર કરવા બાબત...**

નવસારી કૃષિ યુનિવર્સિટીની વિસ્તરણ શિક્ષણ પરિષદની આઠમી બેઠકની કાર્યનોંધ મંજૂર કરવામાં આવી.

**મુદ્દા નં. ૯.૨ : વિસ્તરણ શિક્ષણ પરિષદની આઠમી બેઠકની કાર્યનોંધ અન્વયે લેવાયેલ પગલાંની નોંધ લેવા બાબત...**

નવસારી કૃષિ યુનિવર્સિટીની વિસ્તરણ શિક્ષણ પરિષદની આઠમી બેઠક તા.૦૬/૦૮/૨૦૧૬ના રોજ નવસારી ખાતે મળેલ હતી, જેની કાર્યનોંધ અન્વયે લેવાયેલ પગલાંની સભ્યશ્રીઓ દ્વારા સમીક્ષા કરીને તેની નોંધ લેવામાં આવી.

**મુદ્દા નં. ૯.૩ : ભારત સરકાર તરફથી મંજૂર થયેલ ''ફાર્મર ફર્સ્ટ પ્રોગ્રામ'' હેઠળ મંજૂર થયેલ પ્રોજેકટની નોંધ લઈને મંજૂરી આપવા બાબત...**

ભારતીય કૃષિ અનુસંધાન પરિષદ, નવી દિલ્હી તરફથી Farmer FIRST Programme (FFP) હેઠળ વર્ષ ૨૦૧૬–૧૭ દરમ્યાન નવસારી કૃષિ યુનિવર્સિટી ખાતે "Ensuring Livelihood Security for Small and Marginal Farmers of South Gujarat" પ્રોજેકટ મંજૂર કરવામાં આવેલ હતો. સદરહુ પ્રોજેકટના મુખ્ય હેતુઓ, ફાળવવામાં આવેલ ગ્રાન્ટ અને હાથ ધરવામાં આવતી પ્રવૃત્તિઓ અંગે વિસ્તારથી ચર્ચા કરવામાં આવી અને સંચાલક મંડળની કાર્યોત્તર મંજૂરી લેવા માટે વિસ્તરણ શિક્ષણ પરિષદના સભ્યશ્રીઓ દ્વારા નીચે મુજબ ઠરાવવામાં આવ્યું.

**—: ઠરાવ :—**

ખેતી અને ખેડૂતના વિકાસના હેતૂસર મંજૂર થયેલ ''ફાર્મર ફર્સ્ટ પ્રોગ્રામ'' હેઠળ ફાળવવામાં આવેલ ગ્રાન્ટ અને હાથ ધરવામાં આવતી પ્રવૃત્તિઓની નોંધ લઈને સંચાલક મંડળ તેને કાર્યોત્તર મંજૂરી આપે તે માટે વિસ્તરણ શિક્ષણ પરિષદ સર્વાનુમતે ભલામણ કરે છે.

(**અમલ :** વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી, નકૃયુ, નવસારી)

**મુદ્દા નં. ૯.૪ : નવસારી કૃષિ યુનિવર્સિટી અને અન્ય સંસ્થાઓ વચ્ચે થયેલ દ્વિપક્ષીય સમજૂતી કરારનામા (MoU) ની કાર્યવાહીને મંજૂરી આપવા બાબત...**

ખેડૂતલક્ષી વિસ્તરણ પ્રવૃત્તિઓને વધુ અસરકારક અને સુદૃઢ બનાવવાના હેતૂસર નવસારી કૃષિ યુનિવર્સિટી દ્વારા જુદી જુદી ચાર સંસ્થાઓ સાથે દ્વિપક્ષીય સમજૂતી કરારનામા (MoU) કરવામાં આવેલ હતા. સદરહુ ચાર કરારનામાના હેતૂઓ અને ઉપયોગિતા અંગે વિશદ ચર્ચા કરવામાં આવી અને સંચાલક મંડળનું અનુમોદન લેવા માટે વિસ્તરણ શિક્ષણ પરિષદના સભ્યશ્રીઓ દ્વારા નીચે મુજબ ઠરાવવામાં આવ્યું.

**—: ઠરાવ :—**

નવસારી કૃષિ યુનિવર્સિટી દ્વારા નીચે કોઠામાં દર્શાવ્યા મુજબ જુદી જુદી અન્ય ચાર સંસ્થાઓ સાથે થયેલ દ્વિપક્ષીય સમજૂતી કરારનામા (MoU)ની કાર્યવાહીની નોંધ લઈને સંચાલક મંડળ તેને કાર્યોત્તર મંજૂરી આપે તે માટે વિસ્તરણ શિક્ષણ પરિષદ સર્વાનુમતે ભલામણ કરે છે.

| S. N. | Institute | Date | Main Objective |
|---|---|---|---|
| 1 | Petroleum Conservation Research Association (PCRA), Mumbai | 16-12-2016 | To promote fuel efficiency of tractors and pump-sets or any other farm equipment by organizing training, workshop, seminar, krushi mela etc. for farmers, tractor drivers and technisians. |
| 2 | CNH Industrial (India) Pvt. Ltd. New Delhi | 26-12-2016 | To initiate and promote skill, knowledge and importance of farm mechanization among farmers, villgers, artisans and technisians. |
| 3 | Development Support Agency of Gujarat, Tribal Development Department, Gandhinagar | 11-01-2017 | Strategic partnership for Agricultural Services in Integrated Tribal Development Programme Areas for upliftment of tribal farmes of South Gujarat. |
| 4 | Agriculture Skill Council of India (ASCI), Gurgaon, Haryana | 30-01-2017 | Skill development training for quality vocation education in agriculture and allied sectors. |

(**અમલ :** વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી, નકૃયુ, નવસારી)

**મુદ્દા નં. ૯.૫ : બેકરીશાળાના એક અઠવાડીયાના તાલીમ વર્ગની ફીમાં વધારો કરવા બાબત...**

નવસારી કૃષિ યુનિવર્સિટી હસ્તકની બેકરીશાળા ખાતે એક અઠવાડીયાના બેકરી તાલીમ વર્ગોમાં હાલ તાલીમાર્થી દીઠ લેવામાં આવતી તાલીમ ફીમાં નીચે મુજબ વધારો કરવાનું વિસ્તરણ શિક્ષણ પરિષદના સભ્યશ્રીઓ દ્વારા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

**—: ઠરાવ :—**

નવસારી કૃષિ યુનિવર્સિટી હસ્તકની બેકરીશાળા ખાતે એક અઠવાડીયાના બેકરી તાલીમ વર્ગોમાં હાલ તાલીમાર્થી દીઠ લેવામાં આવતી તાલીમ ફીમાં નીચે મુજબ વધારો કરવાની વિસ્તરણ શિક્ષણ પરિષદ દ્વારા મંજૂરી આપવામાં આવે છે અને તેનો આગામી બેચથી અમલ કરવાનો રહેશે.

| અ.નં. | ફીની વિગત | હાલની ફી રૂા. | નવી ફી રૂા. |
|---|---|---|---|
| ૧ | પ્રવેશ ફી | ૧૦૦/– | ૧૦૦/– |
| ૨ | રીવોલ્વીંગ ફંડ(વસ્તુ વપરાશ ખર્ચ) | ૧૦૦/– | ૩૦૦/– |
| | **કુલ રૂા.** | **૨૦૦/–** | **૪૦૦/–** |

(અમલ : વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી, નકૃયુ, નવસારી અને
મદદનીશ વિસ્તરણ શિક્ષણશાસ્ત્રી, બેકરીશાળા, નકૃયુ, નવસારી)

**મુદ્દા નં. ૯.૬ : વિસ્તરણ શિક્ષણ યુનિટની કચેરીની તાંત્રિક જગ્યાઓનું નવું નામાભિકરણ કરવા બાબત...**

વિસ્તરણ શિક્ષણ યુનિટ હેઠળ વર્ષ ૧૯૭૫–૭૬ દરમ્યાન મંજૂર થયેલ "એસ્ટાબ્લીશમેન્ટ ઓફ સરદાર સ્મૃતિ કેન્દ્ર, નવસારી" (નોન પ્લાન : બ.હે. ૫૧૧૬) યોજનામાં મંજૂર થયેલ કુલ ત્રણ તાંત્રિક જગ્યાઓનું નવું નામાભિકરણકરવા માટે વિસ્તરણ શિક્ષણ પરિષદના સભ્યશ્રીઓ દ્વારા નીચે મુજબ સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

**—: ઠરાવ :—**

વિસ્તરણ શિક્ષણ યુનિટ હેઠળ ચાલતી "એસ્ટાબ્લીશમેન્ટ ઓફ સરદાર સ્મૃતિ કેન્દ્ર, નવસારી" (નોન પ્લાન : બ.હે. ૫૧૧૬) યોજનાની ત્રણ તાંત્રિક જગ્યાઓનું નીચે કોઠામાં સૂચવ્યા મુજબ નવું નામાભિકરણ કરવાની વિસ્તરણ શિક્ષણ પરિષદ દ્વારા મંજૂરી આપવામાં આવે છે.

| યોજનાનું નામ અને બજેટ સદર | તાંત્રિક જગ્યાનું હાલનું નામ | પગાર ધોરણ | તાંત્રિક જગ્યાનું નવું નામાભિકરણ |
|---|---|---|---|
| એસ્ટાબ્લીશમેન્ટ ઓફ સરદાર સ્મૃતિ કેન્દ્ર, નવસારી (બ.હે. ૫૧૧૬) | કાર્યક્રમ વ્યવસ્થાપક | ૧૫૬૦૦– ૩૯૧૦૦ (૬૦૦૦ ગ્રેડ પે) | મદદનીશ વિસ્તરણ શિક્ષણશાસ્ત્રી (સંકલન) |
| | માહિતી અધિકારી | ૧૫૬૦૦– ૩૯૧૦૦ (૬૦૦૦ ગ્રેડ પે) | મદદનીશ વિસ્તરણ શિક્ષણશાસ્ત્રી (તાલીમ) |
| | માહિતી મદદનીશ | ૯૩૦૦– ૩૪૮૦૦ (૪૪૦૦ ગ્રેડ પે) | ખેતીવાડી અધિકારી |

(અમલ : વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી, નકૃયુ, નવસારી અને
કાર્યક્રમ વ્યવસ્થાપક, સરદાર સ્મૃતિ કેન્દ્ર, નકૃયુ, નવસારી)

અન્ય કોઈ મુદ્દા ચર્ચવાના બાકી ન રહેતા માન. કુલપતિશ્રીની સૂચનાનુસાર બેઠકમાં હાજર રહેલ તમામ સભ્યશ્રીઓનો આભાર માનીને બેઠકની કાર્યવાહી પૂર્ણ થયેલ જાહેર કરી.

જા.નં. નકૃયુ/વિશિનિ/વિશિપ/ટી–૧/૪૦૫૫–૭૬/૨૦૧૭
નવસારી તા.૧૦/૧૦/૨૦૧૭

(જી.આર.પટેલ)
સભ્ય સચિવ અને
વિસ્તરણ શિક્ષણ નિયામક
નવસારી કૃષિ યુનિવર્સિટી
નવસારી–૩૯૬૪૫૦

**નોંધ :** આ કાર્યનોંધ અત્રેની કચેરીની તા.૧૦/૧૦/૨૦૧૭ની નોંધ પર વિસ્તરણ શિક્ષણ પરિષદના અધ્યક્ષ અને માન.કુલપતિશ્રીની મંજૂરી લઈને પરિપત્રિત કરવામાં આવે છે.

**<u>નકલ સવિનય રવાના પ્રતિ</u> :**

(૧) માન.કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી તરફ જાણ થવા સારું.
(૨) વિસ્તરણ શિક્ષણ પરિષદના તમામ સભ્યશ્રીઓ તરફ જાણ થવા સારું.

—:—:—:—:—:—:—:—:—:—:—:—